# આત્મકથાનું સ્વરૂપ અને આત્મકથાકારનું કર્તવ્ય

ડૉ. રાકેશ રાવત

"સ્મરણયાત્રા" માં કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે : "સો પચાસ ઈતિહાસ અને ચરિત્રો વાંચવા કરતાં એક સાચું આત્મચરિત્ર વાંચવાથી આપણને વધારે બોધ મળે છે." ૧ આત્મચરિત્ર આત્માભિવ્યકિતમાંથી પ્રગટતું સાહિત્યસ્વરૂપ છે. તેથી "સ્વ" સાથે એની ઘણી સબંધરેખાઓ જોડાય છે છતાં આત્મચરિત્ર "સ્વ" ની સાથે "સર્વ" જોડાઈ શકે તેવું સાહિત્ય સ્વરૂપ છે. ભલે આત્મચરિત્ર અંગત–જીવનની અભિવ્યકિત હોય પણ જે ચરિત્ર નિર્માણ થાય છે તે બિનંગત હોય છે. આથી જ આત્મચરિત્ર ઉપર મુજબ " આપણને વધારે બોધ" આપે છે. આત્મકથા એ "સ્વ" ની કથા છે. (સાર્થ ગુજરાતી જોડણીકોશ" માં "આત્મ " અને "આત્મકથાનો આવો અર્થ આપવામાં આવ્યો છે." તત્પુરુષ સમાસના પૂર્વપદ તરીકે "આત્મા" કે પોતાની જાત" એવા અર્થમાં આવે" . આત્મકથાનું લેખન એક સામાજિક જવાબદારીમાંથી ઉભું થતું કર્તવ્ય છે. જયારે કોઈ વ્યકિત સમાજમાં પ્રતિષ્ઠા પામે, સમાજનું નેતૃત્વ કરવા માટે સક્ષમ બને, કોઈ માટે પ્રેરણાદાયી બને ત્યારે તેની સામાજિક જવાબદારી છે કે, તેના જીવનની રસમય – સંઘર્ષમય ક્ષણો લોકો સામે પ્રગટ કરે. આ પ્રકારના લેખનમાંથી, આ પ્રકારનાં વ્યકિતગત તથ્યોમાંથી એક સત્ય પ્રગટ થતું હોય છે, જે માર્ગદર્શનરૂપ બને છે.

ગાંધીજીએ પોતાની આત્મકથાને આથી જ કદાચ " સત્યના પ્રયોગો" એવું નામ આપ્યું છે. આત્મકથા આ રીતે સત્યનો માર્ગ દર્શાવતો, પ્રકાશ ફેલાવતો જીવનકથાનો પ્રકાર છે, એવું કહેવામાં કોઈ અતિશયોકિત નથી. જીવનને કેન્દ્રમાં રાખી, સાહિત્યકલાના વર્તુળમાં રજૂ થતું આ સ્વરૂપ એક અનન્ય સાહિત્યસ્વરૂપ છે. જો કે, પશ્ચિમના કેટલાક વિવેચકો તો આ સ્વરૂપને કલા-સ્વરૂપ તરીકે સ્વીકારતા નથી. પરંતુ લલિતેતર સાહિત્યસ્વરૂપે તેનો સ્વીકાર જરૂર કરે છે.

શું આત્મકથા / જીવનચરિત્ર લલિતેતર સ્વરૂપ છે? લલિતેતર સ્વરૂપ કહેતાં તેમાં લલિતતત્વ નથી એવું કહેવાય. તો શું તેમાં લલિતતત્વ નથી ? આપણી સામે એવી કેટલીક આત્મકથા છે, જેમાં સાહિત્યના લલિતતત્વનો અનુભવ થાય છે. સાહિત્યની રમણીયતાનો અનુભવ આત્મકથાના ગદ્યમાંથી અનુભવાય એવું ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથામાં ઘણીવાર બન્યું છે. જો કે આત્મકથાનો મુખ્ય હેતુ સાહિત્યાનંદ પીરસવાનો નથી એ તો સાબિત થયેલું સત્ય છે, સાહિત્યમાં લલિતતત્વને મુખ્ય સ્થાન મળ્યું છે પણ એક આત્મકથા જેવા સ્વરૂપમાં આ "લલિતતત્વ" હકીકતો - ઘટનાઓની પાછળ સંતાઈ જાય છે તેથી પ્રત્યક્ષ રીતે - કોઈ નવલકથા - વાર્તાની જેમ તેનું નિદર્શન થતું નથી, એમ કહેવાય.

અમુક અંશે જીવનની હકીકતો અને ઈતિહાસકેન્દ્રી માહિતી હોવાથી આત્મકથા એક સર્જનાત્મક સાહિત્યલેખે વધુ પ્રતિભાવાન જણાતી નથી એ સ્વીકારીએ તો પણ આત્મકથામાં અનેક સાહિત્યિક તત્વો જડી આવે છે. એક આત્મકથા વાંચતાં તેમાં વર્ણન, સંવાદ, કલ્પના, દર્શન, પાત્ર જેવાં સાહિત્યિક લક્ષણોની માવજત નજરે પડે છે. આત્મકથાને પણ સાહિત્ય - સર્જનની સભાનતા ઘેરી વળે છે, કેમકે આત્મકથાકાર કોઈ સાહિત્યસર્જકની અદાથી - મિજાજથી અને પૂરી સભાનતાથી વિગતો નિરૂપતો રહે છે. સર્જકના ચિત્તમાં ઊંડે-ઊંડે આ સભાનતા ઘર કરી ગઈ હોય છે. આ સભાનતા વગર આત્મકથાનું સર્જન થવું લગભગ શકય નથી. "ક્રિએટીવ" થવાનું વલણ લગભગ દરેક આત્મકથામાં વસેલું રહે છે. સીધે-સીધી વિગતો આપવા કરતાં આત્મકથાકાર સાહિત્યની પ્રયુકિતઓનો ઉપયોગ કરી વિગતો આપવાનું વલણ ધરાવે છે. આથી જ અમૃતા પ્રીતમ " રેવન્યુ સ્ટેમ્પ" માં કહે છે કે :
"આત્મકથા એ આત્મશ્લાઘાનું કલાત્મક માધ્યમ છે. [૨]

અમૃતા પ્રીતમના આ વિધાન પરથી પણ આત્મકથા વિશે એક ખોટી વિગત પ્રગટે છે. આત્મશ્લાઘા માટે આત્મકથા લખાય છે ? આ વિધાનને સો ટકા સત્યનું પ્રમાણપત્ર આપી શકાય તેમ નથી તો પછી આત્મકથા શા માટે લખાય છે ? આત્મકથા સત્યની શોધ માટે, માર્ગદર્શન માટે, અતીતના પુનર્જીવન માટે, અર્થોપાર્જન માટે કે કયારેક સ્વબચાવ માટે લખાય છે. આત્મકથા લખનાર, એ બહાને ફરીથી સમગ્ર જીવનની સફર કરે છે. મનોમન ઘડાતા ધોરણ, તારણ અને મારણ નક્કી કરે છે. ભૂતકાળની ઘટનાને તટસ્થતાથી તપાસી શકે છે. સાચું શું ? ખોટું શું ? નું સ્પષ્ટ નિદર્શન કરી શકે છે. ભૂતકાળમાં બનેલી ઘટનાની ફેરવિચારણા કરે છે

જેથી ઘટનાને આરપાર જોવાની તક મળે છે. એ બહાને મન-અંતરના દ્રવ્યને શુદ્ધિકરણમાંથી પસાર થવાની પ્રક્રિયા પ્રાપ્ત થાય છે. જેના કારણે જીવન વધુ દિવ્ય-ભવ્ય બને છે.

ગુજરાતી શબ્દ "આત્મકથા" માં પણ આ જ અર્થ નિર્દેશિત થાય છે. આત્માનું કથન. આત્માનું કથન કદી ઉપરછલ્લું હોઈ શકે નહીં. આત્માનું કથન જ્ઞાન, ભાવ અને ચેતનાના ઊંડાણમાંથી પ્રગટે છે. તેથી જ તેને "આત્મકથા" કહેવાય છે. જો આ બને તો જ "આત્મકથા" આત્માનું કથન બને. નહીં તો આત્મકથા લખવાનો કોઈ હેતુ નથી. જ્ઞાન, ભાવ અને ચેતનાનો જેમાં સંચાર નથી એવી કોઈપણ વિગત આત્મકથા માટે નુકસાનકારક થઈ શકે. આત્મકથાકાર ચિત્તશુદ્ધિની આધ્યાત્મિક ભૂમિકાએ જઈ એટલે કે તટસ્થ, સ્થિતપ્રજ્ઞ થઈ વિગતો ન આપી શકે તો આત્મકથા આત્મકથન થતું નથી. આત્મકથા આત્મશુદ્ધિના હેતુથી લખાય છે. એ હેતુ આ રીતે જ પાર પાડી શકાય. કોઈપણ શેહશરમ, સંકોચ, શંકા રાખ્યા વિના ઘટનાનું તટસ્થ નિરૂપણ જ આત્મકથાનું માધ્યમ બની શકે. આ રીતે આત્મકથાલેખન એક આધ્યાત્મિક સિદ્ધિ પણ બની શકે છે.

સતીષ વ્યાસ લખે છે કે :"આત્મકથામાં વ્યકિત જાતે જ પોતાની આંતરબાહ્ય વ્યકિતતાને આલેખે છે."[3] અહીં "વ્યકિતતા" ના અર્થને તપાસવો જરૂરી બને છે. વ્યકિતત્વ બે પાસાં ધરાવે છે – (૧) બાહ્ય વ્યકિતત્વ (૨) આંતર વ્યકિતત્વ. આત્મકથાનો લેખક આ બેઉ પાસાંને એકબીજા સાથે સાંકળીને નિરૂપી આપે છે. આત્મસભાનતા આત્મકથા માટે પ્રાણભૂત તત્વ છે. આમ તો "પોતાની" વાત કરવી એ એક નાજુક કાર્ય હોવાથી ઘણી બધી મર્યાદાઓ પ્રવેશી જવાની શક્યતા રહે છે. કેમકે આત્મકથાલેખનમાં ક્યારેક અહંકાર પણ દેખાતો હોય છે. આત્મકથાલેખનનો ભાવ વ્યકિતની મહાનતામાંથી ઉદ્‌ભવ પામ્યો છે, એવી વાત કેટલાક વિવેચકોએ કરી છે તો સામે છેડે આત્મકથાલેખનની એક પરંપરા પસ્તાવાના ભાવ સાથે પણ સંકળાયેલી છે. ખ્રિસ્તી ધર્મમાં પ્રાયશ્ચિતનો ઘણો મહિમા છે. એ પરંપરાના કારણે પણ આત્મકથાનો ઉદ્‌ભવ થયો.

ઓક્સફોર્ડ કોશમાં જણાવ્યા પ્રમાણે ઈ.સ. ૧૯૧૮ પહેલાં "Autobiography" શબ્દનો પ્રયોગ થતો નહોતો. ઈ.સ. ૧૯૬૨માં ફુલરે " Biography " શબ્દનો ઉપયોગ કર્યો હતો. ડ્રાયડન પણ આ જ શબ્દ ૧૬૮૩માં પ્રયોજે છે. "Autobiography" શબ્દમાં ત્રણ અંશોનો સમાવેશ થયો છે. ""Autos " "Bios " અને "Graphein " જેવા ત્રણ અંશોથી આ શબ્દ બન્યો છે. આ શબ્દોના અર્થ ક્રમશ : આ પ્રમાણે થાય છે. - "Self regulati" "the story of a person's life" "giving a vivid description" (પૃ. ૧૪૩ "ઓક્સફોર્ડ ઈંગ્લીશ ડિકશનરી" એડીટર – હેબન લીબેક , એલન પોલાર્ડ)આપણે ત્યાં સંસ્કૃતમાં "ચરિત્ર" શીર્ષક અંતર્ગત આત્મવૃતાંત કહેવાનો કે આલેખવાનો ઉપક્રમ દેખાય છે ત્યાં આત્મકથા સ્વરૂપની વિભાવના વિકાસ પામી શકી નથી. જ્યારે મધ્યકાળમાં પણ આત્મલક્ષી કાવ્યોના સ્વરૂપમાં જ પ્રયાસો થયેલા જોવા મળે છે. પહેલો પ્રયાસ નર્મદ દ્વારા જ અસ્તિત્વમાં આવે છે. નર્મદ લખે છે કે :

"પોતાની હકીકત પોતે લખવી એવો ચાલ આપણામાં નથી તે દાખલ કરવો "[૪] આ રીતે આપણે ત્યાં – ગુજરાતીમાં સૌ પ્રથમ નર્મદ દ્વારા આત્મકથાનું સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે. જીવનકથા અને આત્મકથા બંને વચ્ચે ભેદ કયો છે? એ વિશે સતીશ વ્યાસ લખે છે કે : "જીવનકથામાં કોઈ એક ક્ષેત્રની વિભૂતિનું જીવનચરિત્ર એના સંબંધમાં આવેલી વ્યકિત દ્વારા કે અન્ય દ્વારા નિરૂપાય છે જ્યારે આત્મકથામાં વ્યકિત જાતે જ પોતાની આંતરબાહ્ય વ્યકિતતાને આલેખે છે. "[૫]

જીવનકથામાં લેખક અને નાયક વચ્ચે ભિન્નતા છે જ્યારે આત્મકથામાં તે બંને એક જ છે. આત્મકથામાં કથક અને કથનની એકવાક્યતા હોય છે. કથક પોતાના જ અનુભવને આધારે કથન યોજે છે ત્યારે તેમાં અનુભવની સચ્ચાઈ, દર્શનની સૂજ્ઞતા અને કથનની પારદર્શકતા નજરે પડે છે.

આત્મકથા આ રીતે પોતે જ લખેલી પોતાના વિશેની વાત હોય છે તેથી તેમાં પ્રત્યક્ષતા પ્રગટે છે. જીવનચરિત્ર જેવી પરોક્ષતા તેમાં હોતી નથી. આથી સીધી હકીકતો તો નિરૂપાય જ છે સાથે – સાથે અનેક વ્યકિતઓની વ્યકિતત્વરેખાઓ – એક જ દષ્ટિબિંદુથી આલેખાય છે. જો કે ધૂમકેતુ કહે છે તેમ – "સાહિત્યનો આ પ્રકાર ઘણો જ અટપટો અને વિકટ ગણાય છે."[૬] આત્મકથાનો લેખક સ્વયં પોતાની જ વાત કરતો હોવાથી – વિશેષતાની સાથે મર્યાદા પણ આવી જાય છે. કેમકે આત્મશ્લાઘા – અહંકાર વગેરેનો

અવગુણ પ્રવેશી શકે છે. આથી જ ડ્રાયન આત્મકથાને પગ-માથા વિનાની એક આકૃતિ સાથે સરખાવે છે. **"The true autobiography however, is but a torso."** [૭]

આ ઉપરાંત આત્મકથાની બીજી કેટલીક મર્યાદાઓ પણ ધ્યાનમાં લેવા જેવી છે. આત્મકથામાં" સાહિત્ય સર્જનની અપેક્ષા રાખવામાં આવે છે, કારણ કે વાચક - ભાવક માત્ર માહિતી - હકીકતોથી જ સંતોષ પામતો નથી પણ એ વિગતો સર્જનાત્મક બની રહે એવી અપેક્ષા પણ રાખે છે. આથી જ્યારે લેખક સર્જનાત્મકતા પર વધુ ભાર દેવા લાગે છે, ત્યારે આત્મકથા મર્યાદામાં સરી પડે છે. કલ્પનાના જોરે એ નવલકથા બની જવાની ભીતિ પણ રહે છે. આથી જ આત્મકથાને એક બાજુ ઈતિહાસ અને બીજી બાજુ નવલકથા - એ બંનેની વચ્ચે ચાલવું પડે છે. બંનેના ગુણોને યોગ્ય રીતે, ઔચિત્યપૂર્ણ લેખન દ્વારા પ્રગટ કરવાં પડે છે.

## સંદર્ભસૂચિ


૧. કાલેલકર, કાકાસાહેબ, "સ્મરણ યાત્રા" , પ્રથમ આવૃત્તિ, ૧ પૃ. ૫.
૨. પ્રીતમ, અમૃતા, "રેવન્યુ સ્ટેમ્પ" , પ્રથમ આવૃત્તિ, પૃ. ૨૮૦.
3. વ્યાસ સતીશ, "આત્મકથા" ડો. સુમન શાહ સંપાદિત સાહિત્ય સ્વરૂપ પરિચય શ્રેણી, પ્રથમ આવૃત્તિ,૧૯૮૩,પૃ.૨.
૪. દવે, નર્મદાશંકર "નર્મદ" , "મારી હકીકત" , પ્રથમ આવૃત્તિ ૧૮૬૬,પૃ. ૨.
૫. ધૂમકેતુ, "જીવનપંથ" પ્રથમ આવૃત્તિ, ૧૯૪૯ પૃ. ૪.
૬. ઈંગ્લીશ બાયોગ્રાફી, પ્રથમ આવૃત્તિ પૃ. ૧૯૭૫, ૨૦૦૦.